Chap-1

પ્રકરણ - ૧

સૌંદર્યશાસ્ત્ર : સ્વરૂપ અને લક્ષણ

- સૌંદર્યતત્ત્વ - વ્યાખ્યા અને ઉદ્ભાવના
- સૌંદર્યનું સ્વરૂપ
- પશ્ચિમમાં સૌંદર્યલક્ષી વિચારણા
- ભારતમાં સૌંદર્યલક્ષી વિચારણા
  રસવિચાર - ધ્વનિસંપ્રદાય - વક્રોક્તિ - અલંકાર, ગુણ, ઔચિત્ય
- અરબી-ફારસી-ઉર્દૂ સાહિત્યમાં સૌંદર્યલક્ષી વિચારણા

પ્રકરણ -૧

'' સૌંદર્યશાસ્ત્ર : સ્વરૂપ અને લક્ષણ ''

સૌંદર્યતત્વ - વ્યાખ્યા અને ઉદ્‌ભાવના :

'એસ્થેટિક્સ' પાશ્ચાત્ય પરંપરાનો વિશિષ્ટ આવિષ્કાર છે. ગ્રીક ભાષામાં તેનું મુળ રૂપ αισθητikos છે. તે ઉપરથી ' Aesthesis ' શબ્દ અસ્તિત્વમાં આવ્યો, જેનો અર્થ 'ઇન્દ્રિય સુખની ચેતના' થાય છે. ત્યાર પછી આ ' Aesthesis ' શબ્દ ઉપરથી ' Aesthetics ' શબ્દ બન્યો, જેનો સૌપ્રથમ પ્રયોગ બાઉમ ગાર્ટને (૧૭૧૪-૬૨) સંવેદનશીલ ઇન્દ્રિયબોધના શાસ્ત્રના અર્થમાં કર્યો. તે પછી હેગલે (૧૭૭૦-૧૮૩૧) સમગ્ર લલિતકલાઓમાં નિહિત સામાન્ય આધારભુત તત્વોના દર્શનના અર્થમાં તેનો વિનિયોગ કર્યો. તદ્‌અનુસાર, 'એસ્થેટિક્સ' શબ્દનો સામાન્ય પ્રયોગ સૌંદર્યના વિશ્લેષણાત્મક નિરૂપણના અર્થમાં થવા લાગ્યો. આ શબ્દના અર્થની ચોક્કસ સીમા-નિર્ધારણા આ પ્રમાણે મનાય છે: લલિતકલાનાં તત્વોનું સૈદ્ધાંતિક નિરૂપણ અને તેના આધારે કલાકૃતિનું મૂલ્યાંકન. આમ 'એસ્થેટિક્સ' નો શાબ્દિક અર્થ છે - ઇન્દ્રિય પ્રત્યક્ષોનું જ્ઞાનના માધ્યમ દ્વારા કરેલું અધ્યયન. પરંતુ પાછળથી 'એસ્થટિક્સ' શાસ્ત્ર તરીકે ઓળખાયું અને એનો અર્થ થયો - 'જે ઇન્દ્રિય બોધ દ્વારા પ્રાપ્ત સૌંદર્ય-ભાવનના મનોગત આનંદનું વિશ્લેષણ કરે છે.' X ૧

'એસ્થેટિક્સ' શબ્દ તેના પ્રાથમિક અર્થ અનુસાર એવું શાસ્ત્ર છે, જેનો સંબંધ કલા અને પ્રકૃતિમાં વ્યાપ્ત 'સુંદર' અને 'ઉદાત્ત' સાથે છે. પરંતુ તે પછી પણ અદ્યાપિપર્યંત યોગ્ય અર્થનિર્ધારણ કે સીમાંકન નક્કી થઈ શક્યું નથી. જહોન મૂરે નોંધે છે -'

" The word "aesthetic" is not a particulary happy one. It is often vaguely used in philosophy as well as in ordinary speech, and, in some quarters, it has become a byword of

Opprobrium - a sort of symbol of intellectual weakness."[18]

X 2

પશ્ચિમમાં સૌંદર્યશાસ્ત્રનો વિકાસ સૌંદર્યશાસ્ત્રરૂપે બહુ પ્રાચીન નથી. એરિસ્ટોટલની કૃતિનું નામ 'એસ્થેટિકસ' નહીં પરંતુ 'પોયેટિકસ' છે, કારણ કે એમાં મુખ્યત્વે કાવ્યની ચર્ચા છે, સૌંદર્યની નહીં ! પશ્ચિમમાં તેનો વિકાસ એ રીતે થયો - કાવ્યશાસ્ત્રરૂપે અને વ્યાખ્યાનસ્વરૂપે. ગ્રીસની લોકતાંત્રિક પ્રણાલિમાં નિર્વાચિત, પ્રતિનિધિએ પોતાની વાત સ્પષ્ટ અને પ્રભાવશાળી ઢબે રજૂ કરવાની હોવાથી તેના માટે વાગ્મિતાશક્તિ- Rhetoric અનિવાર્ય હતી. તે પછી એરિસ્ટોટલ, લોંજાઇનસ અને કોલરિજની આલોચનાઓમાં આપણને સૌંદર્ય તત્વની અલપઝલપ ઝાંખી થાય છે. તેનું સ્પષ્ટ, પરિમાર્જિત રૂપ એમાંથી પ્રાપ્ત થતું નથી. ૧૮ મી સદીમાં સૌંદર્યશાસ્ત્રનું વિધિવત્ સુનિર્ણિત રૂપ જર્મન વિદ્વાન બાઉમ ગાર્ટન દ્વારા પ્રાપ્ત થાય છે. ત્યાર પછી હેગલ, કાન્ટ વગેરેમાં તેની વિભાવના ઉત્તરોત્તર પરિમાર્જિત થતી દેખાય છે.

ભારતીય પરંપરામાં ત્રણ મુખ્ય સિદ્ધાંતો રસ, ધ્વનિ અને ઔચિત્યના અંતર્ગત સૌંદર્ય તત્વની જ ચર્ચા થઇ છે. ભારતીય વિચારકોનો એક વર્ગ સૌંદર્યશાસ્ત્રને કાવ્યશાસ્ત્ર, અલંકારશાસ્ત્ર, સાહિત્યવિદ્યા આદિનો પર્યાય માને છે. પરંતુ બીજો વર્ગ આની વિરુદ્ધ કાવ્યશાસ્ત્ર કેવળ કાવ્યનું શાસ્ત્ર છે અને તેની સીમા કેવળ કાવ્ય સુધી સીમિત છે, જ્યારે સૌંદર્યશાસ્ત્ર કાવ્યની સાથેસાથે કાવ્યેતર કલાઓ વાઙ્મય, પ્રાકૃતિક સૌંદર્ય, માનવદેહનું સૌંદર્ય, ચૈતન્ય શાસ્ત્ર સ્થાપત્ય, મૂર્તિ, ચિત્ર અને સંગીત સુધી વિસ્તરેલી છે એમ માને છે. તેથી સૌંદર્યશાસ્ત્રમાં કલાઓના સૂક્ષ્મ તાત્વિક સિદ્ધાંત પર વિશેષ ભાર મૂકાય છે. જ્યારે કાવ્યશાસ્ત્રમાં રસ - વિવેચન, શબ્દ - શક્તિ - વિશ્લેષણ જેવા જૂજ પાસાંઓની જ સૂક્ષ્મ તાત્વિક પર્યેષણાની જરૂર પડે છે.

સંસ્કૃત કાવ્યશાસ્ત્ર અને આધુનિક સૌંદર્યશાસ્ત્ર વચ્ચેની ભેદરેખા

સ્પષ્ટ કરતાં શ્રી એસ.કે.ડે લખે છે - '' સંસ્કૃત કાવ્યશાસ્ત્રને વ્યાકરણ સાથે ઘનિષ્ઠ સંબંધ છે, જયારે આધુનિક સૌંદર્યશાસ્ત્રને વ્યાકરણ સાથે કોઇ સીધો સંબંધ નથી. આધુનિક સૌંદર્યશાસ્ત્રમાં કલ્પના તત્વને પ્રાધાન્ય અપાયું છે, જયારે સંસ્કૃત કાવ્યશાસ્ત્રમાં તેને ઉચિત મહત્ત્વ અપાયું નથી.'' X 3

કવિતાને કાવ્યેતર કલાઓ સાથે પણ ગાઢ સંબંધ હોવાને કારણે તેના સૌંદર્યશાસ્ત્રીય અધ્યયનની આવશ્યકતા ઉભી થાય છે. કવિતા પણ અન્ય કલાઓની જેમજ મનુષ્યના સર્જનાત્મક આંતર જગતની રચનાત્મકક્રિયા છે. તેથીજ ક્રોચે કહે છે - '' the work of art (the aesthetic work) is always internal, and what is called external is no longer a work of art". X ૪ પોતાની ભાવાભિવ્યકિતની વ્યાપકતા અને વિશેષ ક્ષમતાઓને લીધે કવિતા સૌ લલિતકલાઓના ઉત્તમ ગુણોને ધારણ કરે છે. આમ કવિતા અને અન્ય લલિત કલાઓ વચ્ચે એક તરફ રૂપ, શૈલી અને અભિવ્યકિત પરત્વે અનેક ભેદ છે, આ સૌ કલાઓની પોતાની વિશેષતાઓ છે. તો બીજી તરફ કવિતા અને લલિતકલાઓની વચ્ચે એવા તાત્ત્વિક અંતઃસંબંધો પણ છે જેની ઉપેક્ષા થઇ શકે તેમ નથી. કવિતા અને લલિતકલાઓની વચ્ચે આજ તાત્ત્વિક સામ્ય અને આંતરિક સંબંધોને લીધે કવિતાનું અધ્યયન ફકત કાવ્યશાસ્ત્રીય દૃષ્ટિથી નહીં, પરંતુ સૌંદર્યશાસ્ત્રીય દૃષ્ટિથી પણ થવું જોઇએ. જેથી કવિતાના ગુણ-દોષનું પરીક્ષણ સમગ્ર લલિતકલાઓના વ્યાપક નિકષ પર થઇ શકે અને કવિતાની કેટલીક ગણ્ય વિશેષતાઓ લલિતકલાના માનદંડરૂપે ઉદ્દ્ઘાટિત થઇ શકે.

સૌંદર્યનું સ્વરૂપ :

પ્રત્યયીકૃત પુનઃ પ્રત્યક્ષ Idealised Representation - માં સર્વ લલિતકલાઓનો સૌંદર્યબોધ નિહિત છે. તેથી 'સુંદર' ની અભિવ્યકિત એ કલાનો હેતુ છે. કલામાં આપણને કલાકારની ચેતનાના મુખ્ય સંવેગ Emotion નું શીઘ્ર સંક્રમણ મળે છે.

આ સંક્રમણ સૌંદર્ય-- સ્ફૂર્તિ-ના આધારે નિષ્પન્ન થાય છે. પ્રત્યેક કલા કલાકારની આત્માનુભૂતિનો એક આંતરિક અંશ છે. તેનો બાહ્ય ઉપાદાનો સાથે કેવળ તાત્વિક જ નહીં, પરંતુ અભિવ્યક્તિગત સંબંધ પણ છે. કલાકારની અનુભૂતિઓમાં સુરક્ષિત અમૂર્ત કલા જ્યારે પ્રત્યક્ષીકરણ (Perception) ના માધ્યમ દ્વારા મૂર્ત રૂપ ધારણ કરે છે, ત્યારે ભૌતિક ઉપાદાનોની આવશ્યકતા રહે છે, તેથી ઉપયોગી કલાઓમાં આવશ્યક ઉપાદાનો ઉપસ્થિત હોવાથી સામંજસ્ય, આકારસૂત્રતા અને નયનાભિરામતા પ્રદાન કરવા માટે કલાકારને પોતાની અંગત શિલ્પ-રુચિ અને સૌંદર્યબોધનો ઉપયોગ કરવો પડે છે.

સૌંદર્યની દૃષ્ટિએ કલામાં અલ્પ કે વિરાટ અથવા મુખ્ય કે ગૌણનો ભેદ હોવો જોઇએ નહીં. તેથી કલાસર્જન અને કલાભાવનમાં ક્રમશઃ સર્જક અને ભાવકની રુચિની અપેક્ષા મહત્ત્વની છે. ડૉ.સુરેન્દ્રનાથ દાસગુપ્તના મતે કલાની સર્જનક્ષમતા માટે કલ્પના, ભાવના અથવા સંવેગમાં અંશતઃ વસ્તુપ્રત્યયનેયતા આવશ્યક છે. કેટલાક વિચારકોની દૃષ્ટિએ સૌંદર્ય પૂર્ણતઃ વસ્તુનિષ્ઠ Objective છે. x ૫ તેથી તે પ્રત્યક્ષબોધ (Perception) સાથે સંબંધ ધરાવે છે. પ્રત્યક્ષ માટે અંતઃકરણ અને ઇન્દ્રિય બંનેનો વસ્તુ સાથે સંયોગ થવો જોઇએ. આ પ્રત્યક્ષની માત્રા ઇન્દ્રિયોની ક્ષમતા-અક્ષમતા અને સારા-નરસા ઉપર નિર્ભર હોય છે. ઇન્દ્રિયએક એવા પ્રકારની શક્તિ છે, જેમાં બાહ્ય વસ્તુ જ્ઞેય કે દૃશ્યથી પ્રભાવિત થવા-કરવાની ક્ષમતા છે. અર્થાત્ પ્રત્યક્ષીકરણના માધ્યમની વિશેષતાને કારણેજ આપણે વ્યક્તિઓમાં 'સૌંદર્ય' ના પ્રભાવથી મુગ્ધ થવા તથા 'સુંદર' ને પ્રભાવિત કરવામાં સ્તર કે માત્રાની ભિન્નતા જોઇએ છીએ. તેથીજ વ્યક્તિએ-વ્યક્તિએ સૌંદર્યબોધની ભિન્નતાનું કારણ તેનો સેન્દ્રિય પ્રત્યક્ષ સાથેનો સંબંધ છે.

પ્રસ્તુત મતના સ્વીકારથી પ્રતીત થાય છે કે, સૌંદર્યગ્રહણની પ્રક્રિયામાં અંતઃકરણનો યોગ સારી એવી ભૂમિકા ભજવે છે. સૌંદર્યની પ્રત્યક્ષાવસ્થામાં અને એની સ્મૃતિમાં - એમ બે અવસ્થાઓમાં અંતઃકરણના યોગની ગુંજાશ રહે છે. અન્યમનસ્ક દશામાં મન સૌંદર્યાવલોકનમાં

રમમાણ થઇ શકતું નથી, જ્યારે સ્મૃતિ-દશામાં સૌંદર્યનું વાસ્તવિક આલંબન નિહિત હોય છે. એકતરફ ચેર્નીશેવ્સ્કી જેવો વસ્તુનિષ્ઠ વિચારક સૌંદર્યને । Beauty is life । કહે છે, તો બીજી તરફ શેફ્ટ્સબરી જેવો આત્મનિષ્ઠ વિચારક । Beauty and God are one and the same । એવું કહે છે. આમ સૌંદર્ય બે અંતિમોની વચ્ચે અવઢવ દશામાં છે. વિચારકો કોઇપણ એક મત વિશે ઐકય ન સાધી શકવાને લીધે સૌંદર્યની અનેક પરિભાષાઓ અસ્તિત્વમાં આવી છે. સૌંદર્ય વિષયક માન્યતાઓનું સુપેરે આકલન થઇ શકે તેટલા માટે પાશ્ચાત્ય, પૌર્વાત્ય અને ઉર્દૂ પરંપરાનું વિહંગાવલોકન ઉપયોગી થઇ પડશે.

પશ્ચિમમાં સૌંદર્યલક્ષી વિચારણા :

પશ્ચિમમાં સૌંદર્યલક્ષી વિચારણાનું મૂળ આજથી લગભગ ૨૫૦૦ વર્ષ પૂર્વે પ્રાચીન ગ્રીસના વિચારકોમાં સૌ પ્રથમ જોવા મળે છે. સોક્રેટિસનું માનવું છે કે સુંદર અને શિવ ઉભય એક છે અને તેથી સુંદર એ જીવન-સાપેક્ષ છે. જ્યારે તેમના અનુગામી પ્લેટોનું મંતવ્ય છે કે સુંદર, શિવ અને સત્ય એક છે. સુંદર પરમ અને પૂર્ણ છે. સુંદર માટે નૈતિક હોવું જરૂરી છે. આમ બંનેની માન્યતા લગભગ સમાન છે. પરંતુ તે પછી એરિસ્ટોટલ પાસેથી આપણને સૌંદર્ય-વિભાવના વિશે થોડુંક વિશેષ મળે છે. તેઓ માને છે કે, સૌંદર્ય આકાંક્ષા, વાસના અને ઉપયોગિતાથી પર વસ્તુ છે. તેમાં Order , Semmetry અને Definetness ની વિદ્યમાનતા હોય છે. તેમની સમગ્ર વિચારણાનો સાર એ છે કે સુંદર અને શિવ એક નથી, કારણ કે શિવનો અનુભવ ગતિની અવસ્થા (State of Motion) માં થાય છે, જ્યારે સુંદરની અનુભૂતિ સ્થિતિ (Repose) ની અવસ્થામાં થાય છે. એરિસ્ટોટલ મુજબ વસ્તુનું સૌંદર્ય વ્યવસ્થિત ગોઠવણી અને અમુક કદ ઉપર આધાર રાખે છે. વસ્તુ ખૂબ નાની કે ખૂબ મોટી હોય તો સુંદર જણાતી નથી. વસ્તુનું કદ સહેલાઇથી ઇન્દ્રિયગ્રાહ્ય થઇ શકે તેવું હોવું જોઇએ.

રોમના પ્રમુખ વિચારકો પૈકી પ્લૂટાર્ક અને પ્લોટિનસ ઉલ્લેખનીય છે. પ્લૂટાર્ક સૌંદર્યને એક પ્રકારની કલાત્મક કુશળતા માને છે, જ્યારે પ્લોટિનસ તેને રહસ્યાત્મક સહજ અનુભૂતિ માને છે. તેનો મત છે કે, સૌંદર્ય ઉચ્ચ ધારણા અને તર્કનું સંમિશ્ર પરિણામ છે. સૌંદર્ય જ ઉચ્ચ ધારણા અને તર્કના સામંજસ્યને રૂપ-વિધાન પ્રદાન કરે છે. તેથી સૌંદર્ય પૂર્ણત: ભાગવત છે, અલ્પાંશે પણ તે વસ્તુગત નથી. આપણને ગ્રીસની જેમ જ રોમના વિચારકો પાસેથી પણ સૌંદર્ય-તત્ત્વ વિશે એક સ્વાયત્ત શાસ્ત્ર તરીકેની વિચારણા મળતી નથી.

સૌંદર્ય-તત્ત્વની સૌંદર્યશાસ્ત્રના અર્થમાં સૌપ્રથમ ગવેષણા કરનાર જર્મનના

વિચારકો પૈકી બાઉમ ગાર્ટનનું નામ ઉલ્લેખનીય છે. તેના મત પ્રમાણે પ્રકૃતિ સૌંદર્યનું ચરમ પ્રતિમાન છે. તેથી પ્રકૃતિનું અનુકરણજ સૌંદર્ય-સર્જન છે. ઇન્દ્રિય ગ્રાહ્ય જ્ઞાન સાથે સૌંદર્યનો સંબંધ છે એવું તેમણે જાહેર કર્યું ખરું, પરંતુ તેમણે સૌંદર્યભાવની ઉપેક્ષા કરી. વાસ્તવમાં ભાવ એજ સૌંદર્યનો પ્રાણ છે.

તેમના પછી કાન્ટે Trancedental Aesthetics ની ઉદ્ભાવના કરી. તેમના મત અનુસાર સૌંદર્ય ચિંતનશીલ ધારણાનો આનંદ છે. તેનું અસ્તિત્વ વસ્તુનિષ્ઠ નથી પરંતુ તેનો ઉદ્દેશ્ય નૈતિક શિવત્વનું પ્રસ્થાપન છે. સૌંદર્યનું મનથી પૃથક્ બાહ્ય અસ્તિત્વ નથી. સુંદરની નિઃસ્વાર્થ અપરિહાર્ય આનંદ આપવાની શકિત એ મનુષ્યના મનનો ધર્મ છે. હેગલ અનુસાર Ideal ની અભિવ્યકિતનો પ્રયાસ સૌંદર્યસર્જન છે અને તેનું માધ્યમ કે અનુકરણજ સુંદર છે. શેલિંગ મુજબ સૌંદર્ય ભાવનની પ્રક્રિયામાં જ્ઞાતા અને જ્ઞેય જુદા ન પાડી શકાય તેવા સંયુકત છે. કલાનો ઉપભોગ કરતી વેળા પ્રજ્ઞા પોતાનું સ્વરૂપ-નિરપેક્ષ જ્ઞાન પ્રાપ્ત કરવાને સમર્થ બને છે. તેની સાથેજ અનંત સુખ પણ મેળવે છે. કલામાં કલાકારની માનસિક મૂર્તિ કલારૂપે પરિણમે છે, અનંત સાન્તના રૂપમાં પરિણમે છે. અનંતનું સાન્ત રૂપ તેજ સૌંદર્ય. શેલિંગ પછી લેસિંગનું પ્રદાન ઉલ્લેખનીય છે. તેઓ માને છે કે સૌંદર્ય અભિવ્યકિતમાં નહીં, પરંતુ વસ્તુ, વિધાન અને પધ્ધતિમાં છે. સુંદર વસ્તુને માટે આકૃતિ અને રંગની જેટલી જરૂર છે, તેટલીજ જરૂર કાવ્યને માટે પદની છે.

ફ્રેંચ વિચારકો પૈકી ડાડેરો સૌંદર્ય સંબંધની સમજ ઉપર સંપૂર્ણ નિર્ભર હોવાનું માને છે. સુંદર વસ્તુના અંગ-પ્રત્યંગ પરસ્પર જોડાયેલા હોય છે. સુંદર વસ્તુના અંગ - પ્રત્યંગોની સંબંધની સમજ એજ સૌંદર્ય. સંબંધોની આ સમજ લઇ લો એટલે સૌંદર્ય તરતજ નષ્ટ થઇ જશે. બફિયરનું માનવું છે કે, પ્રત્યેક જાતની સુંદર વસ્તુમાં એક આદર્શ વસ્તુ હોય છે. આ ઘાટની સામાન્ય અંશ બધામાં હોય છે, પણ પૂર્ણ સ્વરૂપે તો એકજ સ્થાને દેખાય છે. મનુષ્યના ચહેરામાં સૌથી સુંદર ચહેરો એકજ છે અને તેની તુલનામાં બીજા

સુંદર ગણાય નહીં. તો પણ આદર્શ કુરૂપ ચહેરા પ્રમાણે બહુજ ઓછા ચહેરાઓ બનાવવામાં આવેલા હોય છે. સૌંદર્ય શુદ્ધ સ્વરૂપમાં જવલ્લેજ દેખાય છે, તો પણ દરેક જાતિનો મોટો ભાગ સુંદરતાના નમુના પ્રમાણે ઘડાય છે. બફિયર પછીનો નોંધપાત્ર ફ્રેંચ વિચારક વિકટર કુજર્યાં છે. તેના મત અનુસાર કોઇપણ આકૃતિ એકલી રહી શકતી નથી, એ કોઇ ને કોઇ પદાર્થનીજ આકૃતિ હોય છે. માટે ભૌતિક સૌંદર્ય કોઇ આંતરિક સૌંદર્યનુંજ નિદર્શન છે. એજ આધ્યાત્મિક અને નૈતિક સૌંદર્ય છે અને એજ સૌંદર્યનો પાયો છે, સૌંદર્યનું એકય સૂત્ર છે.

સૌંદર્યના મનોવૈજ્ઞાનિક વિશ્લેષણનું શ્રેય ઇંગ્લેંડના સૌંદર્યશાસ્ત્રીઓને છે. આ સૌંદર્યશાસ્ત્રીઓ મુખ્યત્વે બે મતના છે : (૧) Idealist અને (૨) Formalist . પ્રથમ મતના વિચારકો સૌંદર્યને વિશ્લેષણથી પર માને છે, કારણ કે સૌંદર્ય વસ્તુનો અખંડ ગુણ હોવાથી તેનું પૃથક્કરણ- Analysis થઇ શકે નહીં. જ્યારે બીજા મતના વિચારકો માને છે કે સૌંદર્યનું વિશ્લેષણ થઇ શકે છે, કારણ કે તેનો સંબંધ વસ્તુવિશેષના આકૃતિ વિધાન સાથે છે.

પ્રમુખ આઇડિય-લિસ્ટ વિચારકો પૈકી શેફ્ટ્સબરીએ સૌપ્રથમ સૌંદર્યજ્ઞાનને સહજજ્ઞાન Intuition ના પાયા પર સ્થાપ્યું. તેમના મત અનુસાર જડને પોતાનું સૌંદર્ય નથી. જગતના નિયમોમાં બધે સૌંદર્ય સમાયેલું છે. આ નિયમોજ સાધારણ રીતે પરમાત્મા છે. સમસ્ત ગતિ અને સજીવ વસ્તુ તેનીજ લીલા છે. સૌંદર્યજ્ઞાન માટે આપણામાં એક સ્વતંત્ર આંતરિક વૃત્તિ Internal or Moral Sense છે. સૌંદર્ય આપણને વિમલ સુખ આપે છે. આ વિચારધારાના બીજા વિચારક ટોમસ રીડ સૌંદર્યને આધ્યાત્મિક ચેતન માને છે. જ્યારે રસ્કિન માને છે કે સૌંદર્ય ઇશ્વરની વિભૂતિ છે. રસ્કિને મનુષ્યમાં બે વૃત્તિઓ માની છે.- સહજવૃત્તિ અને કાલ્પનિક વૃત્તિ. સહજ વૃત્તિના અંતર્ગતજ સૌંદર્યબોધ થાય છે. તેમણે સૌંદર્યની Typical અને Vital એવી બે શ્રેણી

પાડે છે. અને વળી પાછા Vital Beauty ના Relative અને Generic એવા બે ભેદ પાડે છે.

Formalist વિચારકોમાં એડિસન, હોગાર્થ, બર્ક, બેન, એલ્સન વગેરે નોંધપાત્ર છે. એડિસન (————) અનુસાર સૌંદર્ય પરિવેશ (setting) અને સંગતિનું Association ફળ છે. હોગાર્થ વસ્તુ વિશેષના અંગોના સંબંધ, પ્રયુક્તિઓની રંજકતા અને અનુક્રમમાં સૌંદર્યની વિદ્યમાનતા નિહાળે છે. આજ પરંપરાના બર્કના મત અનુસાર વસ્તુ-વિશેષની વર્ણગત ચારુતા, આંગિક કોમળતા અને ઉજ્જ્વળતા જ સૌંદર્ય છે. સુંદર પદાર્થોમાં હૃદયંગમ રીતે તંતુઓને વિશ્રાંતિ આપવાની ખાસિયત છે. જ્યારે બેન સૌંદર્યને સોદ્દેશ્ય માને છે. જીવનના પ્રયોજનોથી પર એવો આપણો સંવેગ સૌંદર્ય કહેવાય. આમ આપણે જોઇ શકીએ છીએ કે Idealist વિચારકોનો ઝોક મુખ્યત્વે સહજબોધ પ્રતિ છે જ્યારે Formalist વિચારકો કલાકૃતિના સ્વરૂપનિર્બંધન ઉપર ભાર મુકે છે.

રશિયાના વિચારકો પૈકી ચર્નીશેવ્સ્કી સૌંદર્યજ જીવન છે એમ કહે છે. બેલિન્સ્કી માને છે કે, સૌંદર્ય સામાજિક જીવનના જીવંત યથાર્થનું એવું પ્રતિબિંબ છે, જે આપણને આનંદ ઉપરાંત પ્રગતિશીલ બનવાની પ્રેરણા પણ આપે છે.

ઉપર્યુક્ત વિચારકો ઉપરાંત કલાઇવ બેલ, સ્કસ્ટલ ક્રોચે આદિ આધુનિક વિચારકોનું પ્રદાન પણ નોંધપાત્ર છે. પાશ્ચાત્ય સૌંદર્ય ચિંતનના તાત્ત્વિક પક્ષને સમજવા માટે હેગલ અને ક્રોચેના સૌંદર્યદર્શન પર વિચાર કરવો જરૂરી છે. કારણ કે આ બંનેની સૌંદર્ય વિષયક માન્યતાઓએ પાશ્ચાત્ય સૌંદર્યશાસ્ત્રના આધુનિક સ્વરૂપને ખુબ પ્રભાવિત કર્યો છે.

હેગલ પ્રત્યયને (Idea) વિકાસનું ચરમ તત્ત્વ માને છે. હેગલનું સંપૂર્ણ સૌંદર્યદર્શન પ્રત્યય-જગત પર નિર્ભર છે. તે માને છે કે જગત આભાસમાત્ર છે. હેગલના ત્રિસ્તરીય પ્રત્યય વિકાસને પાશ્ચાત્ય સૌંદર્યશાસ્ત્રનું 'હેગલિયન ટ્રાયડ' કહેવાય છે. મુળ

પ્રત્યય વાદ,(Thesis)/ Anti-Thesis પ્રતિવાદ અને Synthesis સમન્વય એમ ત્રણ અવસ્થાઓમાં પોતાને પ્રગટ કરે છે. આ ત્રણેય અવસ્થાઓનું પ્રસ્તુતીકરણ તર્ક Logic, nature પ્રકૃતિ nature અને મનના mind દાર્શનિક ધરાતલ પર થાય છે. પ્રત્યય મન સુધી પહોંચીને Subjective, Objective અને Absolute એમ ત્રણ અવસ્થાઓમાં પ્રગટ થાય છે. જ્યારે પ્રત્યય એબ્સોલ્યુટની અવસ્થામાં પહોંચે છે, ત્યારે ઉચ્ચ સ્તરીય કલાનું સર્જન થાય છે.

પ્રત્યયની ઉપર્યુકત ત્રણ અવસ્થાઓ અનુસાર તે દ્વારા નિર્મિત કલા પણ ક્રમશ: ત્રણ પ્રકારની હોય છે. Symbolic (વાસ્તુકલા), Classical (મૂર્તિકલા), અને Romantic (ચિત્ર, સંગીત અને શ્રાવ્ય). પ્રથમ વર્ગમાં વાસ્તુકલા, બીજા વર્ગમાં મૂર્તિકલા અને ત્રીજા વર્ગમાં ચિત્ર, સંગીત અને કાવ્યકલાનો સમાવેશ થાય છે. હેગલ અનુસાર વાસ્તુકલામાં સૌંદર્ય સર્જનની દૃષ્ટિએ Plastic Configuration પિંડાભૂત મૂર્તતાનું આધિકય હોય છે. ..this first type of art(the symbolic type of art) is rather a mere search after Plastic Configuration than a power of genuine representation "X 6

તેથી તેમાં વ્યકત સૌંદર્ય આપણી ચેતનાને અલ્પાંશે સ્પર્શે છે. વળી તેમાં અભિવ્યકિતના માધ્યમની સ્થૂળતા અધિક હોય છે. Classic -પ્રશિષ્ટ કલામાં આ બંનેનો ઠીક ઠીક પરિહાર થઇ જાય છે. તે સૌંદર્ય અથવા પ્રત્યયને એક પ્રકારની સીમામાં બદ્ધ કરવા ધારે છે, જ્યારે સૌંદર્ય મનુષ્યની અંતર્મુખ મન:ચેતનામાં અવસ્થિત રહેવાને કારણે સીમાથી પર હોય છે. એ રીતે સૌંદર્ય અને પ્રત્યયને શારીરિક આકારની સંકીર્ણ સીમા અને અભિવ્યકિતની પિંડાભૂત - Concrete અવસ્થાઓથી પર રહી અપેક્ષાકૃત અસીમ અને અલ્પમૂર્ત અભિવ્યકિત આપવા માટે ' Romantic Art

ની અવતારણા થાય છે, જેની અંતર્ગત ચિત્ર, સંગીત અને કાવ્યનો સમાવેશ થાય છે. Romantic કલા આત્મા કે ચેતનાની ગહનતામાં ઉતરીને એક આધ્યાત્મિક ક્રિયા બની જાય છે.

હેગલ પછી ક્રોચેએ (૧૮૬૬-૧૯૫૨) અભિવ્યંજનાવાદ (Expressionism) દ્વારા સૌંદર્યશાસ્ત્રના વિકાસની એક નવી દિશા ઉઘાડી આપી. ક્રોચે અનુસાર આત્માની બે ક્રિયાઓ છે: વિચારાત્મક Theoretical activities અને વ્યવહારાત્મક Practical activities . વ્યવહારાત્મક ક્રિયા કર્મપ્રધાન હોય છે અને લૌકિક યોગક્ષેમ અથવા સમાજ દ્વારા સ્વીકૃત માનદંડો સાથે તેનો ઋજુ સંબંધ હોય છે. આમ આ વ્યવહારાત્મક ક્રિયાઓ આર્થિક અને નૈતિક એમ બે પ્રકારની હોય છે અને તેમની સાથે સૌંદર્ય સર્જનને સાધો સંબંધ હોતો નથી. સૌંદર્ય-સર્જનનો સાધો સંબંધ આત્માની વિચારાત્મક ક્રિયાના રૂપ સાથે છે. આ વિચારાત્મક ક્રિયા દ્વારા જ્ઞાનના બે રૂપ ઉદ્ભવે છે. સહજજ્ઞાન (intuition) અને તર્કાત્મક જ્ઞાન (Logical Knowledge). આ બંને પૈકી સહજજ્ઞાન-Intuition દ્વારા જ સૌંદર્યસર્જન સંભવ બને છે. તર્કાત્મક જ્ઞાન-Logical Knowledge દ્વારા વિચારબોધ (Concept) ઉપલબ્ધ થાય છે, જે વડે દર્શન, વિજ્ઞાન આદિનું પ્રવર્તન શકય બને છે. ક્રોચે સહજજ્ઞાન અને અભિવ્યકિત વચ્ચે અવિભાજય સંબંધ માને છે. અભિવ્યકિતના આધારે જ સુંદર કે અસુંદરનો નિર્ણય થવો જોઇએ. આ સુંદર કે અસુંદર સંબંધ મનુષ્યની વીક્ષામૂલક વૃત્તિ સાથે છે. સહજ અનુભૂતિ અને અભિવ્યકિત વીક્ષામૂલક વૃત્તિની અંતર્ગત આવે છે. આમ સહજજ્ઞાનનું એક માત્ર લક્ષણ અભિવ્યકિત છે. જેની અભિવ્યકિત ન થઇ શકે તે સંવેદન કશુંક અન્ય હોઇ શકે, પરંતુ સહજજ્ઞાન નહીં. X 7

ક્રોચેના આ સ્વચ્છંદ અભિવ્યકિતવાદથી ભિન્ન રૂપવિધાનવાદીઓનો સિદ્ધાંત

(formalism) છે, જે અનુસાર કલાસૃષ્ટિ માટે માત્ર કેટલાક નિશ્ચિત નિયમોના અનુસરણની આવશ્યકતા છે, જે દ્વારા સૌંદર્યની પર્યાપ્ત સૃષ્ટિ સર્જાય છે, કોઇ સહજ અનુભૂતિ કે અંત:પ્રજ્ઞાની જરૂર નથી. આ રૂપવિધાનવાદી સિદ્ધાંતના બે ઉલ્લેખનીય ઉદ્ભાવકો - ડેન્મોન રોશ અને જે.હેમ્બિજ છે.

જર્મન સૌંદર્યશાસ્ત્રીઓનો પ્રિય સમાનુભૂતિનો સિદ્ધાંત (Theory of Empathy) પણ આધુનિક સૌંદર્યશાસ્ત્રનો એક મહત્ત્વપૂર્ણ સિદ્ધાંત છે. સમાનુભૂતિનો સિદ્ધાંત આપણી પ્રત્યક્ષીકરણની ગતિશીલ પ્રત્યર્થનાઓ (Motor Responses) પર આધારિત છે. આ પ્રત્યક્ષીકરણની ગતિશીલ પ્રત્યર્થમાં આપણી પૂર્વાનુભૂતિઓનો મહત્ત્વપૂર્ણ યોગ હોય છે. પૂર્વાનુભૂતિઓની સાપેક્ષિકતામાં જ આપણું પ્રત્યક્ષીકરણ સાર્થક થાય છે.

સૌંદર્યશાસ્ત્રનો એક બીજો મહત્ત્વપૂર્ણ સિદ્ધાંત 'તટસ્થ ભાવનનો સિદ્ધાંત ' (Theory of Psychical Distance) છે. અહીં 'તટસ્થતા' નો આશય 'આંશિક અનાસક્તિ' સાથે છે. કારણ કે આસક્તિની ક્ષણોમાં ભાવકની ચેતના વ્યક્તિગત કુશળક્ષેમ અને વાસનાથી એવી રીતે પ્રભાવિત થઇ જાય છે કે વસ્તુનું વસ્તુગત મૂલ્ય કશું જ રહેતું નથી.

આ જ રીતે આધુનિક સૌંદર્યશાસ્ત્રમાં અનેક સિદ્ધાંતોની સ્થાપના કરવામાં આવી છે. જે પૈકી અન્વિતિ-સિદ્ધાંત, સોદ્દેશ્યતા, કલ્પનાશીલ જીવનની પૃથકતાનો સિદ્ધાંત તેમજ સંતુલન સિદ્ધાંત ઉલ્લેખનીય છે. પરંતુ આ બધા સિદ્ધાંતો પૂર્વ વિવેચિત સિદ્ધાંતોની જ છાયારૂપ છે.

આ ઉપરાંત પ્રાયોગિક સૌંદર્યશાસ્ત્રે (experimental Aesthetics) મનોવિજ્ઞાનની સહાયથી સૌંદર્યાનુચિંતન માટે કિંચિત્ નૂતન આલોક પ્રસ્તુત કર્યો છે. તેનો હેતું સૌંદર્યનું વૈજ્ઞાનિક વિશ્લેષણ છે. પ્રાયોગિક સૌંદર્યશાસ્ત્રનો આરંભ જી.ટી.ફેકનરે કર્યો. સુંદર-અસુંદરની પરખ વ્યક્તિના રુચિ-પરિવેશ પર નિર્ભર હોય છે, જે આસંગ,

સંગતિ, વાતાવરણ અને અભ્યાસની સાપેક્ષતામાં તેની પ્રત્યર્થનાનું - (Response) નિયમન કરે છે. કઈ વસ્તુ સુંદર છે તે દ્રષ્ટાની પ્રત્યર્થના-પ્રણાલી પર આધાર રાખે છે. બીજું વ્યકિતના સંવેદનો બે પ્રકારના હોય છે - ભાવાત્મક અને અભાવાત્મક. સૌંદર્યાનુભૂતિનો સંબંધ મુખ્યત્વે આપણા ભાવાત્મક સંવેગો - Positive Emotions સાથે હોય છે. પ્રાયોગિક સૌંદર્યશાસ્ત્રનું સ્વરૂપ હજુ સુનિશ્ચિત થયું ન હોવાથી કલાજગત માટે તેની વિધાઓ ઉપયોગી નથી. પ્રાયોગિક સૌંદર્યશાસ્ત્રીઓમાં વેલેન્ટાઈન અને મિલ્ટન એચ.બર્ડ નોંધપાત્ર છે.

ભારતમાં સૌંદર્યલક્ષી વિચારણા :

અત્યાર સુધી એવું માનવામાં આવતું હતું કે આધુનિક સૌંદર્યશાસ્ત્ર એ પશ્ચિમની નીપજ છે અને ભારતમાં એ વિશે કોઈ પદ્ધતિસરનું ચિંતન થયું નથી. પરંતુ હવે એ નિશ્ચિત થઈ ચૂકયું છે કે સૌંદર્યશાસ્ત્રના મૂળ છેક ઋગ્વેદના સમયથી ભારતીય સાહિત્યમાં જોઈ શકાય છે. ડો. પુષ્પેન્દ્ર કુમાર નોંધે છે '' . .The word 'aesthetics' gives us the meaning of 'Perception' or 'feeling'. To feel or to perceive more or less, is the common Characteristics of all Indian Philosophies. If Indian Philo-Sophies assimilate aesthetic concept in such a Philo-Sophical System which deals with thoughts and concepts of 'Cognition' and 'feeling' - it would not be less than an independent stream of aesthetics.x 8

સૌંદર્ય પ્રત્યેનો અનુરાગ જ કલાનો ઉદ્ગાતા હોય તો ઋગ્વેદ પ્રકૃતિના અધિષ્ઠાતા દેવોના સૌંદર્ય-વર્ણનોથી ભરપૂર છે. તેનું કવિત્વમય ઉષાવર્ણન, સામવેદની પવિત્ર ગીતલહરી આદિથી પ્રતીત થાય છે કે વૈદિક યુગમાં જ ભારતીય ઋષિઓનો સૌંદર્યબોધ જાગ્રત થયો હતો. પાશ્ચાત્ય દેશોમાં લોકો દર્શનનું નામ સુદ્ધાં જાણતા ન હતા ત્યારે ભારતીય ઋષિઓ સૌંદર્યના સ્વરૂપ વિષે કહી ગયા હતાં :

યદ્ વૈ તત્ સુકૃતં રસો વૈ સ: ।। રસં હ્યેવાયં લબ્ધ્વાનન્દી ભવેતિ ।।
– તૈત્તિરિયોપનિષદ ૨,૭)

(જે સુકૃત છે તે જ રસસ્વરૂપ છે. રસસ્વરૂપનો રસ મેળવી જીવ આનંદ પામે છે)

પદાર્થોના સારતત્ત્વ રૂપે 'રસ' સંજ્ઞાનો પ્રયોગ ભારતમાં આરંભથી જ સામાન્ય વ્યવહાર અને જ્ઞાન-વિજ્ઞાનના અનેક ક્ષેત્રોમાં પ્રચલિત રહ્યો છે. ઉપનિષદોમાં જે રીતે દેવોની અનેક ભૌતિક સંકલ્પનાઓને આધ્યાત્મિક રંગ અપાયું, તે જ રીતે રસનું પણ રૂપાંતર થયું. એ બાબતે પ્રાય: સૌ વિચારકો એકમત છે કે પ્રાચીન ભારતીય સૌંદર્યશાસ્ત્રની સૌથી મહત્ત્વપૂર્ણ અવધારણા 'રસ' છે અને પાશ્ચાત્ય સૌંદર્યશાસ્ત્ર અને કાવ્યશાસ્ત્રના સિદ્ધાંતો દ્વારા આ રસના જ વિભિન્ન અંગોના તુલનાત્મક અધ્યયનની દિશામાં પ્રયાસો થઈ રહ્યા છે. નોલી કહે છે, " એટલું જ નહીં કે તે પ્રાચીન આચાર્યોના વિચારો આજે પણ માન્ય છે, બલ્કે પાશ્ચાત્ય વિચારોની તુલનામાં તે અપેક્ષાકૃત નવીન પણ છે. વ્યાવહારિક પ્રયોજનોથી મુક્ત તથા સ્વતંત્ર ચૈતન્ય અનુભૂતિરૂપે કલાસંબંધી અવધારણા કે જેનું નિરૂપણ કાન્ટની પ્રતિભાએ કર્યું, તે ૧૦ મી સદીના ભારતમાં પણ અધ્યયન અને વિવાદની વસ્તુ હતી." X૯ આનંદકુમાર સ્વામીએ પાશ્ચાત્ય વિચારકો સમક્ષ એ પણ પ્રમાણિત કરી આપ્યું કે ચીન, જાપાન જેવા પૂર્વી દેશોની તુલનામાં ભારતમાં સૌંદર્યશાસ્ત્રીય સમસ્યાઓ પર વ્યવસ્થિત ચિંતન અત્યધિક વિકસિત હતું. X ૧૦

ભારતીય અલંકારશાસ્ત્રીઓએ દૃશ્યકાવ્ય અને શ્રાવ્યકાવ્ય એમ બે પ્રકારનું વિભાજન કર્યું. બંનેનું પૃથક વિવેચન થતું રહ્યું. રસ સિદ્ધાંત નાટયશાસ્ત્ર દ્વારા જ આપણને મળે છે. જો કે તે પૂર્વે પણ હશે, પરંતુ તેનું વ્યવસ્થિત રૂપ આપણને સૌપ્રથમ ભરતના નાટયશાસ્ત્ર (૪-થી સદી) ના માધ્યમ દ્વારા જ પ્રાપ્ત થાય છે. પશ્ચિમમાં સૌંદર્યશાસ્ત્રમાં અન્ય કલાઓનો પણ સમાવેશ થયો જ્યારે આપણે ત્યાં અલંકાર કાવ્ય સુધી જ સીમિત રહ્યો.

> ન તજ્જ્ઞાનં ન તચ્છિલ્પં ન સા વિદ્યા ન સા કલા ।
> ન સ યોગો ન તત્કર્મ યન્નાટ્યેઽસ્મિન્ન દૃશ્યતે ॥
> - ભરત : નાટયશાસ્ત્ર, ૧ - ૧૧૬ -

આમ ભારતીય સૌંદર્યશાસ્ત્રની પ્રારંભિક સીમા નાટયશાસ્ત્ર છે. અહીં સૌપ્રથમ નાટયશાસ્ત્રનો વિકાસ થયો, બીજી અવસ્થામાં કાવ્યશાસ્ત્રનો અને સાથે જ વાસ્તુશાસ્ત્ર અને શિલ્પશાસ્ત્રનો, અંતે આ વિકાસદશાઓના સમીકરણ દ્વારા સૌંદર્યશાસ્ત્ર અસ્તિત્વમાં આવ્યું. ભારતીય પરંપરામાં રસ, ધ્વનિ, અલંકાર વગેરેના નામે કાવ્યના આત્મ તત્વની જ ગવેષણા થઇ છે, જ્યારે પશ્ચિમમાં સૌંદર્યશાસ્ત્રમાં સંવેદન પક્ષને મહત્ત્વ અપાયું છે. હવે આપણે મુખ્ય ભારતીય વિચારકોના મત ક્રમશ: જોઇએ.

રસ વિચાર :

ભારતીય વિચારકોએ કાવ્ય-નાટકની આપણા મન પર થતી અસર સમજાવવા માટે 'આનંદ' ને બદલે 'રસ' શબ્દ પસંદ કર્યો છે, કારણ કે એથી એક જાતની આસ્વાદ પ્રક્રિયા સૂચવાય છે. કાવ્યમાં મન વિવિધ ભાવદશામાંથી પસાર થાય છે. જે ભૌતિક સ્થૂળતાથી પર હોય છે. ભાવનું આ વિશિષ્ટ પ્રકારનું આસ્વાદન એ જ રસ. આલંકારિકો મનના આ રસરૂપે પરિણમતા ભાવોને અનુક્રમે સ્થાયીભાવ અને સંચારીભાવ એમ બે વર્ગોમાં વહેંચે છે. આ બંને પૈકી કેવળ સ્થાયીભાવોની જ રસરૂપે પરિણતિ થતી હોય છે, એમ કહે છે. સ્થાયી ભાવ, વિભાવ, અનુભાવ, વ્યાભિચારી ભાવ વગેરેના

કોઈક પ્રકારના સંયોજનથી રસાનુભાવ થાય છે. રસ નિષ્પત્તિની આ પ્રક્રિયાની ચર્ચા ટીકાકારોએ ભરતમુનિના ' વિભાવાનુભાવવ્યભિચારીસંયોગાત્ રસનિષ્પત્તિ : ' એ સૂત્રના વિવરણરૂપે કરી છે, જે પૈકી શ્રી લોલ્લટ, શ્રી શંકુક, શ્રી ભટ્ટ નાયક, શ્રી અભિનવગુપ્ત વગેરેનો સમાવેશ થાય છે.

ભરત સૂત્રના પ્રથમ વ્યાખ્યાતા ભટ્ટ લોલ્લટ (૯ મી સદી પૂર્વાર્ધ) સ્થાયી ભાવની ઉપચિતિને રસ માને છે. આ ઉપચિતિ વિભાવ, અનુભાવ અને વ્યભિચારીના યોગથી સિદ્ધ થાય છે. જયારે ભરતસૂત્રના બીજા વ્યાખ્યાતા શ્રી શંકુક (૯ મી સદી મધ્ય) પોતાના 'અભિનવ ભારતી' અને 'ધ્વન્યાલોક-લોચન' ની ટીકાઓમાં અભિનય કૌશલને રસનિષ્પત્તિમાં સર્વોપરી સ્થાન આપે છે.

ભરતનું 'વિભાવાનુભાવ સંચારિ સંયોગાત્ રસ નિષ્પત્તિ: ' - રસસૂત્ર લોલ્લટ અને શંકુક જેવા વિચારકો માટે સરળ માન્યતાની કોટિથી પર દાર્શનિક ઉહાપોહની જટિલ સમસ્યા બની જાય છે. બંને આચાર્યોએ રસના વાસ્તવિક સ્થાનનો પ્રશ્ન ઉપસ્થિત કરીને અનુકાર્ય, નટ, સામાજિક આદિના સંદર્ભમાં નાટયની પ્રકૃતિ પર ગંભીર વિચારનો સૂત્રપાત કર્યો.

ત્યાર પછી ભટ્ટ નાયકે (૧૦ મી સદીનો ઉત્તરાર્ધ) ધ્વનિનો વિરોધ કરી પોતાની રસ નિષ્પત્તિની વ્યાખ્યા રજૂ કરી. તેઓ એક તરફ રસની પ્રતીતિ-ઉત્પત્તિનો વિરોધ કરે છે, તો બીજી તરફ અભિવ્યક્તિનો.

- અભિનવ ભારતી, ભાગ-૧, પૃ. ૨૭૬

ભટ્ટ નાયકે સૌ પ્રથમ રસાનુભૂતિની પ્રક્રિયાની તાત્ત્વિક વ્યાખ્યા કરતાં બ્રહ્માસ્વાદથી તેના પૃથકત્વનું નિરૂપણ કર્યું અને વિશુદ્ધ આત્મ વિશ્રાંતિથી તેને હીનતર આનંદ માન્યું. તેમની બીજી મહત્ત્વપૂર્ણ સિદ્ધિ સાધારણીકરણનો સિદ્ધાંત છે.

તેમના અનુગામી અભિનવ ગુપ્તે (૧૧ મી સદી, પૂર્વાર્ધ) 'ધ્વન્યાલોક'માં રસ પ્રક્રિયાનું વિવેચન કરતા ભટ્ટનાયક દ્વારા સ્થાપિત ભોજકત્વ-ભાવકત્વ વ્યાપારની પૃથકતાનો નિષેધ કરી આ પ્રતીતિને વ્યંજનાશ્રિત માની શૈવાદ્વૈતના આધારે રસની એકાંત આનંદરૂપતાની સ્થાપના કરી.

રસ ચર્ચામાં વિશ્વનાથના (૧૪ મી સદી) 'સાહિત્યદર્પણ'નું મહત્ત્વ વિશેષ છે. તેમના વાક્યં રસાત્મકં કાવ્યમ્ - જેવું રસની નિર્વ્યાજ ઘોષણા કરનાર ભારતીય કાવ્યશાસ્ત્રમાં સંભવત: અન્ય કોઇ પારિભાષિક સૂત્ર નથી. અહીં રસાત્મક વાક્ય દ્વારા એમને સૌંદર્યનો જ અર્થ અભિપ્રેત છે. ત્યાર પછી રસ પરંપરામાં જગન્નાથ (૧૭ મી સદી) નું પ્રદાન નોંધપાત્ર છે.

રમણીયાર્થ પ્રતિપાદક: શબ્દ: કાવ્યમ્ (રસ ગંગાધર - ૧)

(રમણીય અર્થનું પ્રતિપાદન કરનારો શબ્દ એ કાવ્ય)

અહીં વિશિષ્ટ અર્થ વડે સંપૃક્ત રમણીયતાની અવધારણા દ્વારા રસ ચિંતનને તેમણે સમૃદ્ધ કર્યું. રમણીય આહ્લાદ એમને મન ભૌતિક આહ્લાદથી પર એવો કોઇ વિલક્ષણ પ્રકારનો અલૌકિક આહ્લાદ અભિપ્રત છે. વળી 'રમણીય અર્થ' એટલે એવો અર્થ જેમાં મન રમમાણ થઇ શકે. એ રીતે જગન્નાથે અહીં અર્થના સૌંદર્ય પર ભાર મુકયો છે.

ધ્વનિ સંપ્રદાય :

જે કાવ્યમાં વ્યંગ્યાર્થ પ્રધાનપણે સ્ફુરતો હોય તેને આલંકારિકોએ 'ધ્વનિ' નામ આપ્યું. આ ધ્વનિ જ કાવ્યનો આત્મા છે. આ પ્રતીયમાન અર્થ કે ધ્વનિ વાચ્યાર્થને પેલે પાર રહેલા કોઇ અલૌકિક - વિશિષ્ટ અર્થને વ્યંજિત કરે છે. આનંદવર્ધને (૯ મી સદી ઉત્તરાર્ધ) સ્પષ્ટપણે કહ્યું કે -

કાવ્યસ્યાત્મા ધ્વનિરીતિ ॥ (ધ્વન્યાલોક - ૧.૧)

આમ તેઓ ધ્વનિયુક્ત કાવ્યને જ શ્રેષ્ઠ કાવ્ય માને છે. તેમના 'અલંકારા: કનક કુણ્ડલાદિવસ' - થી કાવ્યશાસ્ત્રમાં એક મોટી ગેરસમજ ઊભી થઇ. તેમના મત અનુસાર અલંકાર બાહ્ય તત્ત્વ નથી, કે નથી અત્યંત આવશ્યક તત્ત્વ. પરંતુ અલંકાર કાવ્યનું અભિન્ન અંગ છે, કેમ કે તે અભિવ્યંજનાનું અનુયાયી અંગ છે.

ભામહ: (ઇ.સ.૭૫૦ થી પૂર્વે) 'શબ્દાર્થૌ સહિતૌ કાવ્યમ્ ' - (કાવ્યાલંકાર ૧.૧૬)

— એમ કહે છે ત્યારે શબ્દ અને અર્થનો સહભાવ સામાન્ય નહીં. કિન્તુ વિશિષ્ટ અર્થમાં પ્રયોજે છે. એટલું જ નહીં પરંતુ વક્ર અર્થ અને વક્ર શબ્દની ઉક્તિ એ જ વાણીનો સાચો અલંકાર છે., એમ માને છે. કાવ્યમાં અર્થનું વિભાવન વક્રોક્તિ દ્વારા જ થાય છે -

~~वक्रा मिधेयशब्दोक्तिरिष्टा वाचामलङ्कृति~~ : ॥
વક્રાભિધેયશબ્દોક્તિરિષ્ટા વાચામલંકૃતિ: - કાવ્યાલંકાર, ૧.૩૬

અહીં ભામહ અલંકૃતિ શબ્દને સૌંદર્યના વ્યાપક અર્થમાં પ્રયોજતા જણાય છે. પરંતુ વક્રોક્તિનું વ્યવસ્થિત શાસ્ત્ર રચનાર તો કુન્તક છે.

વક્રોક્તિ :

કુન્તકે (૧૦ મી સદી ઉત્તરાર્ધ) વક્રોક્તિને કાવ્યનો આત્મા કહ્યો છે -

શબ્દાર્થૌ સહિતૌ વક્રકવિવ્યાપાર શાલિનિ ।
- વક્રોક્તિ જીવિત , ૧.૭

તેમના મતે કાવ્ય અખંડ અને અવિભાજ્ય તત્ત્વ છે. વક્રોક્તિ કાવ્યજીવિતમ્ - 'વક્ર' અર્થાત સર્વસાધારણ કથનથી કોઇ અલૌકિક - ચમત્કારયુક્ત કથન. વક્રોક્તિ એટલે વૈદગ્ધ્ય. તે દ્વારા કાવ્યમાં એવું સૌંદર્ય ઉત્પન્ન થાય છે જેની પરિણતિ અંતે રસમાં થાય છે.

અલંકાર - ગુણ - ઔચિત્ય :

ભામહને મન કાવ્ય કેવળ શબ્દ અને અર્થનો સહભાવમાત્ર

નહીં પરંતુ 'સવક્રોક્તિ' હોવું અનિવાર્ય છે. આ વક્રોક્તિ એ કેવળ અર્થાલંકાર નથી. કાવ્યત્વ અથવા અલંકારત્વ એ દ્વારા અભિપ્રેત છે. આ 'વક્રોક્તિ' ના તત્ત્વને જ તેઓ 'વાચામલઙ્કૃતિ:' કહે છે ત્યારે અલંકૃતિ: શબ્દ માત્ર શબ્દાર્થાલંકાર–માત્ર અર્થમાં નહીં પરંતુ કાવ્યના સર્વસ્વના અર્થમાં પ્રયુક્ત થાય છે. ભામહના મતે કાવ્ય તેના અલંકાર વડેજ ગ્રહણ થાય છે. આમ કાવ્યના શોભાધાયક ધર્મ રૂપે તે અલંકારની મીમાંસા કરે છે. તે પછી દંડી (૭ મી સદીનો ઉત્તરાર્ધ) ઇષ્ટાર્થથી યુક્ત, વ્યવચ્છિન્ન, વિભૂષિત પદાવલી એ જ કાવ્યનું શરીર છે એમ કહે છે -

'શરીરં તાવદિષ્ટાર્થ વ્યવચ્છિન્ના પદાવલિ ॥

(કાવ્યાદર્શ, ૧.૧૦)

અહીં દંડીએ સૌ પ્રથમ 'કાવ્યશરીર' શબ્દનો પ્રયોગ કર્યો છે. તેમના મત મુજબ મધુર ગુણનો સંબંધ રસ વડે છે: વાણીની સાથેજ વસ્તુમાં પણ રસ સ્થિત હોય છે.-

'મધુરં રસવદ્વાચિ વસ્તુન્યપિ રસ સ્થિત : ।

- કાવ્યાદર્શ , ૧.૫૧)

વળી દંડીએ ઇષ્ટ અર્થની સાથે 'વિભૂષિત પદાવલી' દ્વારા સૌંદર્યતત્ત્વ પરત્વે પણ આંગળી ચીંધી છે.

ત્યાર પછી નવમી સદીના પૂર્વાર્ધમાં વામન 'સૌંદર્ય એ જ અલંકાર છે' એમ કહે છે. ('સૌન્દર્યમલઙ્કાર:')

~~'સૌંદર્યમલંકાર :~~

- કાવ્યાલંકાર સૂત્ર વૃત્તિ, ૧.૧.૨

વામનના મત મુજબ આ અલંકાર રૂપી સૌંદર્ય દોષના ત્યાગ અને ગુણના ગ્રહણથી મૂર્ત બને છે. વામન અલંકાર શબ્દ એના વ્યાપક અર્થમાં, કાવ્ય સૌંદર્યના અર્થમાં પ્રયોજે છે. આમ કાવ્ય અને તેનું સૌંદર્ય અલંકાર એમ બે તત્ત્વો પ્રગટ થયાં. વામન સૌ પ્રથમ કાવ્યના આત્માનો પણ ઉલ્લેખ કરે છે -

રીતિરાત્મા કાવ્યસ્ય ।

- કાવ્યાલંકાર સૂત્ર વૃત્તિ, ૧.૨.૬

ઉદ્ભટ (૯ મી સદીનો ઉત્તરાર્ધ) અને રુદ્રટ (૯ મી સદી) બંને વિચારકો ભામહની વિભાવનાની નજીક છે. આ સૌ ભરતોત્તર 'આલંકારિકો' શબ્દ અને અર્થ રૂપે કાવ્યને કલ્પી એ બે પૈકી એકને અથવા બંનેને સરખું મહત્ત્વ આપવાનો પ્રયાસ કરે છે. ભામહ, ઉદ્ભટ અને રુદ્રટ કાવ્યમાં અલંકાર અને વક્રોકિતના તત્ત્વ ઉપર વિશેષ ઝોક આપે છે, જ્યારે દંડી અને વામનમાં ગુણ તત્ત્વનું મહત્ત્વ લેખાયું છે. આ સૌએ યથાશકિત પ્રતિપાદિત કરવાનો પ્રયાસ કર્યો છે કે અલંકાર, ગુણ અને રીતિ દ્વારા શબ્દાર્થમાં એવું સૌંદર્ય ઉત્પન્ન થાય છે જેની પરિણતિ અંતે રસમાં થાય છે.

આનંદવર્ધન જેવો વિચક્ષણ કાવ્યશાસ્ત્રી પણ અલંકારને કવચકુંડલ જેવા ગણે છે, છતાં એટલું તો સ્વીકારે છે કે રસથી અભિભૂત ચિત્તમાંથી જ અલંકાર આવે છે અને ઉત્તમ કાવ્યમાં તો અનાયાસ સિદ્ધ થયેલા અલંકારો જ ઇષ્ટ છે. એટલે 'અલંકાર એ આગંતુક નથી, કવિ સંવેદનનો જ અંશ છે. x ૧૧

મમ્મટ (લગભગ ૧૧ મી સદી) પણ માને છે કે અલંકાર શબ્દ અને અર્થના છે, પણ એ દ્વારા એણે કાવ્યમાં જો રસ હોય તો તેને ઉપકારક થવાનું છે. કાવ્યાલંકારો શબ્દાર્થની શોભા દ્વારા રસને ઉપકારક થાય છે.

ક્ષેમેન્દ્રને મન ઔચિત્ય એ રસનો પ્રાણભૂત ધર્મ છે. જે જેને યોગ્ય તે તેને ઉચિત કહેવાય. ઉચિતનો ભાવ તે ઔચિત્ય.

ઔચિત્યસ્ય ચમત્કારકારિણશ્ચારુચર્વણે ।
રસજીવિત ભુતસ્ય વિચારં કુરુતેડધુના ॥

(- ઔચિત્ય વિચાર ચર્ચા, કા.૩)

ઉચિત વસ્તુ, અલંકાર, પદ, વાકય અને ભાવ જ કાવ્યને મહત્તા આપે છે.

અનૌચિત્ય કરતાં વધુ કાવ્યભંગ કે રસભંગ માટે બીજી કોઇ પણ વસ્તુ નથી એમ તેઓ માને છે. અહીં પણ 'ઔચિત્ય' દ્વારા કાવ્યમાં સૌંદર્યતત્વ નિષ્પન્ન કરવાનું જ ઇષ્ટ છે એ સ્પષ્ટપણે જોઇ શકાય તેમ છે.

ઉપર્યુક્ત ભારતીય આલંકારિકોના વિવિધ મતોની ચર્ચા દ્વારા એ ફલિત થાય છે કે રસ એ જ સૌંદર્યનું જીવન છે. વસ્તુનું સૌંદર્ય રસાત્મકતા પર નિર્ભર છે. વસ્તુમાંથી રસ લઇ લેતાં સૌંદર્ય નાશ પામે છે. આપણે એ પણ જોયું કે વસ્તુનું સૌંદર્ય રસના અંગોના યથોચિત સન્નિવેશ પર આધાર રાખે છે. યદ્ વૈતત્ સુકૃતં રસો વૈસ: - એ તૈત્તિરિયોપનિષદની ઉક્તિ પણ વસ્તુના સૌંદર્યમાં ધારણા અને સીમાબદ્ધતા તરફ સંકેત કરે છે. જે વસ્તુને આપણે ધારણામાં ઉતારી ન શકીએ તેને સુંદર કહી શકાય નહીં. વસ્તુની અસીમતા અને મોટાપણું સૌંદર્યબોધના વિરોધી છે.

અ

અરબી-ફારસી-ઉર્દૂ સાહિત્યમાં સૌંદર્યલક્ષી વિચારણા :

અરબી-ફારસી-ઉર્દૂ સાહિત્યમાં સૌંદર્ય તત્ત્વની સ્વતંત્ર રૂપે કોઈ શાસ્ત્રીય ગવેષણા થઈ નથી. પરંતુ તે તે ભાષાના સમીક્ષકોની પ્રકીર્ણ સમીક્ષાઓ દ્વારા જ આપણને સૌંદર્ય વિષયક વિચારો પ્રાપ્ત થાય છે.

અરબસ્તાનમાં ઈ.સ. પાંચમી સદીથી શરૂ થયેલા જાહિલિયા યુગમાં બેદૂન કવિઓએ સ્ત્રીના ભૌતિક સૌંદર્યને અધિક મહત્ત્વ આપ્યું.[1] નાબેગા ઝયબાનીના મતે બેદૂની કવિ માટે સ્ત્રી ધરતી પર ચાલનાર દરેક વસ્તુથી વધુ સંપૂર્ણ અને આકર્ષક છે. ડૉ. હુસેનના મત મુજબ જાહિલી કવિઓની ગઝલ સદૃશ રચનાઓમાં સુંદર લાગણીઓ અને પવિત્ર ઊર્મિઓનું કંડારણ ન હતું, બલ્કે તેમની રચના એક રીતે તો 'સ્ત્રીની નખશિખ આકૃતિ' છે. સ્ત્રીના અંગ-પ્રત્યંગ અને સૌંદર્યની અહીં વિસ્તૃત ચર્ચા થઈ છે, કારણ કે તેમની લાગણીઓનો આંતરિક સ્રોત વાસના અને ભોગવિલાસ હતા. તેમ છતાં સાંતાયના કહે છે તેમ સુંદર સ્ત્રી ઈન્દ્રિય સુખનો વિષય છે, એ ખરું પરંતુ તેની પાસેથી તદ્દન સામાન્ય અર્થમાં ઈન્દ્રિય સુખની અપેક્ષા હોય છે જ એવું નથી. તેના હાવભાવ સુખદ હોય છે, તેનું બોલવું ચાલવું પણ સુખદ અને તેથી સુંદર લાગે છે, કેટલીક વાર તેનું ચિંતન પણ સુખદ લાગે છે. X ૧૨

અરબી સાહિત્યનો પ્રશિષ્ટ યુગ (ઈ.સ. ૬૨૨ થી પંદરમી સદી) તે પવિત્ર કુરાનનો સમય, જે ઈસ્લામ યુગ તરીકે ઓળખાય છે. આ ગાળામાં કવિતાનો પ્રવાહ મંદ પડી ગયો કારણ કે, એક તો સ્વયં કુરાનમાં ફરમાવવામાં આવ્યું કે 'કવિઓ લોકોને ગેરમાર્ગે દોરે છે' અને બીજું આરબો મોટાભાગે યુદ્ધમાં રોકાયેલા રહ્યા. કુરાનમાં કવિતા પર પ્રતિબંધ મૂકવાનું કારણ આરબોમાં ફેલાયેલા ભોગ વિલાસને અંકુશમાં રાખવાનું હોઈ શકે, અન્યથા સ્વયં કુરાન કાવ્યાત્મક ગદ્યમાં છે. ભારતીય વેદો અને ઉપનિષદોની જેમ જ કુરાનમાં પણ દિવ્ય સૌંદર્યનું વર્ણન ઠેર ઠેર મળે છે.

ખિલાફતના કાળમાં આરબોની અવિરત વિજય કૂચને કારણે પુન: જીવનમાં ભોગવિલાસ અને ભૌતિક સંપત્તિનું ~~મહત્વ~~ આકર્ષણ વધ્યા. પ્રો. કે. એ. ફારિક લખે છે -

Climate or enviromental Conditions had bereft the Arab mind of vivility and lack of association with reading and writting, for generations, perhaps, ages, had rendered them apathetic to learning and science..... in the extensive Umayyad empire, ruled by Arab Caliphs, their family members, Arab Governers and Generals, for about a century with Vast material resources at their desposal, we find no institutions with utilitarian or scientific syllabus, or Public Schools for the cultivation of art, crafts and letters'. Material comforts and sensuous pleasures attracted the Arabs most, and immediate gains generally guided them into action. Neither in the domain of arts and letters, nor in that of administrations do they furnish any avidence of a creative or constructive mind or a passion for Social Weal. X 13

ઈરાનના સુંદર નૈસર્ગિક વાતાવરણને કારણે ત્યાંના સાહિત્ય સર્જનમાં ઊર્મિનું પ્રાધાન્ય છે. ત્યાંના સૌંદર્યવાન સ્ત્રી-પુરુષો હંમેશા સંવેદનશીલ રહે છે. સ્ત્રી માનવ અને પ્રકૃતિના સૌંદર્યનું વૈવિધ્યપૂર્ણ આલેખન ફારસી ગઝલોમાં જોવા મળે છે.

ત્રીજી થી પાંચમી સદીનો સમય સૂફીવાદની પરાકાષ્ટાનો યુગ હતો, અને આ ગાળાની ગઝલોમાં દિવ્યપ્રેમ અને દિવ્ય રૂપનું વર્ણન છે.

દાર્શનિક ભૂમિકા પર ઉર્દૂમાં સૌંદર્યનું વિવેચન અલ્પ પ્રમાણમાં થયું છે. ઉર્દૂ વિવેચકોની આલોચનાઓ દ્વારા જ અત્ર તત્ર સૌંદર્ય વિષયક વિચારો પ્રાપ્ત થાય છે. ઉર્દૂ સાહિત્ય વિવેચનની આ મર્યાદાની નોંધ લેતા ઝહીર અહેમદ સિદ્દીકી લખે છે - '' આપણી સંસ્કૃતિમાં એના દૃષ્ટાંત ઠેર ઠેર મળે છે કે કવિતા અને સંગીત સિવાય અન્ય કલાઓને આપણા જીવનમાં એ સ્થાન પ્રાપ્ત ન થઈ શક્યું, જે તેમને પશ્ચિમમાં પ્રશિષ્ટ યુગથી આજ સુધી પ્રાપ્ત થતું રહ્યું છે. X ૧૪

ડો. મસઉદ હુસેનનો મત છે કે '' સાહિત્યમાં સૌંદર્ય સ્વચ્છંદતાથી નહીં, બલ્કે શિસ્ત અને સાહિત્યિક બંધનોથી ખીલી ઉઠે છે.'' X ૧૫

ડો. મસઉદ હુસેનની પ્રસ્તુત વ્યાખ્યાના પરિપ્રેક્ષ્યમાં આપણે મુહમ્મદ હુસેનના વિચારોને જોઈએ તો તેઓ પણ માને છે કે, '' સૌંદર્ય સંતુલન અને અનુપાતનું નામ છે. આ અનુપાત અને સંતુલન કેવળ વસ્તુ કે તેના તત્વોમાં હોતું નથી બલ્કે દૃષ્ટાના વ્યકિતત્વ અને દૃશ્યમાન વસ્તુ વચ્ચે પણ હોય છે. યદ્યપિ સૌંદર્ય કોઈ વસ્તુનું નામ નથી, એક આચરણ (અમલ) નું નામ છે અથવા કહો કે એક સંબંધનું નામ છે. જે એક બાજુ દૃશ્ય વસ્તુના વિભિન્ન અંશોમાં અને બીજી તરફ દૃષ્ટા અને દૃશ્ય વસ્તુમાં કાયમ હોય છે. એનો અર્થ એ થયો કે સૌંદર્ય એક જ સમયે બાહ્ય પણ છે અને આંતરિક પણ, અર્થાત્ તે સ્વયં સુંદર છે અને તેને સુંદર બનાવવામાં દૃષ્ટાની અનુભૂતિઓ અને દૃષ્ટિકોણની પણ

ભૂમિકા છે. X ૧૬

સૈયદ અહેતેશામ હુસેન સૌંઘર્દના બ્રાહ્ય અને આંતરિક એમ બંને રૂપોને સ્વીકારે છે. તેઓ માને છે કે, '' સૌંદર્યના બ્રાહ્ય અને ભૌતિક અસ્તિત્વનો નિષેધ થઇ શકે તેમ નથી. તેની ભૌગોલિક અને સાંસ્કૃતિક કલ્પનાનો ઇન્કાર પણ સંભવ નથી. નહિતર કાવ્ય, ચિત્રકલા, સગીતમાં દેશ-દેશ વચ્ચેના અંતર અને તેથી ઉત્પન્ન પ્રતિક્રિયા પરસ્પર આટલા ભિન્ન ન હોત. તદુપરાંત, બૌધ્ધિક સ્તર અને પ્રકૃતિને કારણે સૌંદર્ય પણ ખાનાઓમાં વહેંચાઇ જાય છે.'' X ૧૭

સૌંદર્યપરક તત્ત્વોનું ભિન્ન અસ્તિત્વ નથી. રસોની ઉપસ્થિતિ, કેટલાંક સાર્થક સંકેતો, કેટલાંક સૌંદર્યપરક ચિત્રો સૌ મળીને સૌંદર્યનું પાસું ઉત્પન્ન કરે છે. જેને કલાકાર પોતાની રીતે જુએ છે અને રજૂ કરે છે. ભાવક પોતાની રીતે અનુભવે છે. કલાકારની અનુભૂતિ મધમાખીની જેમ પ્રત્યેક ફૂલમાંથી રસ લે છે. તે પ્રત્યેક રીતે જાગૃત અને તત્પર હોય છે. સૈયદ અહેતેશામ હુસૈન સૌંદર્યની વિભિન્ન રૂપોમાં કલ્પના કરવા છતાં તેમાં આનંદની ઉપસ્થિતિનો સ્વીકાર કરે છે. તેના સર્વ રૂપોમાં સર્વત્ર વિદ્યમાન વસ્તુ છે આનંદ અને એની ઉપયોગિતા. તેમનો મત છે કે સૌંદર્યને કોઇ સીમિત અર્થમાં લેવું, તેને ભૌતિક, યથાર્થ કે કાલ્પનિક સમજીને તેની યુકિતયુકત પરિભાષા આપવી અસંભવ બની જાય છે. સૌંદર્યનો પ્રભાવ વિભિન્ન રૂપો દ્વારા અનુભવ કરી એ બતાવવું કઠિન છે કે સૌંદર્ય શું છે ? તેની સુકુમારતા કે આનંદાવસ્થાનો અનુભવ કઇ ઇન્દ્રિયની સહાયથી ઓળખાય છે અને ભાવ વિભોર બને છે ?

સૌંદર્યાનુભૂતિ વાસ્તવમાં દ્રષ્ટાના બ્રાહ્ય જગતને બૌધ્ધિક અને ભાવાત્મક રૂપથી પ્રભાવિત કરીને સીધે સીધો તેની અનુભૂતિઓ સાથે સંબંધ ઉપસ્થિત કરે છે. આ આંતરિક તાદાત્મ્ય કેવી રીતે કાવ્યાસ્વાદનું કારણ બને છે તે ઉપર પ્રકાશ પાડતા મુહમ્મદ હસન

કહે છે કે, આપણી બુદ્ધિ અને સૌંદર્યાનુભૂતિ પૂર્ણતાના ભાવથી આનંદિત થાય છે અને આ પૂર્ણતાનો ભાવ સંતુલનથી ઉત્પન્ન થાય છે. સૌંદર્યાનુભૂતિ વાસ્તવમાં સમાધિનું પરિણામ હોય છે. જેટલા લાંબા સમય સુધી અને જેટલા ઉત્સાહપૂર્વક ધ્યાનનું કેન્દ્રીકરણ થાય તેટલા પ્રમાણમાં આનંદ વધુ હશે.

ભાવની સૂક્ષ્મતા આનંદને ઉપકારક છે પરંતુ વિષયની ક્લિષ્ટતા આનંદ પ્રાપ્તિના માર્ગમાં અવરોધક બને છે. ભાવની સૂક્ષ્મતા અને ક્લિષ્ટતા બંને અલગ અલગ ક્ષેત્ર છે. કલાકારની દૃષ્ટિ જેટલા વિસ્તૃત વિષય પર હશે, પોતાની રુચિ અને વિષયને જેટલા વિવિધ અને સામાન્ય જીવનથી સમસ્વર કરી શકશે તેટલી હદે તેનો પ્રભાવક્ષેત્ર વધશે. ઉપનિષદની રસો વૈ સઃ ઉક્તિના હબીબુર રહમાન પણ સમર્થક છે અને રસને જ આત્મા માને છે.

સૌંદર્યબોધ શું છે ? એ કઇ રીતે ગઝલમાં આવિષ્કાર પામે છે તે વિષે ઉર્દૂના ખ્યાતનામ વિવેચક અહેતેશામ હુસેન કહે છે, '' વાણી, વાણીના સૌ શણગાર, પ્રભાવની બધી રીતો, વસ્તુના સૌ તાણાવાણા, સૌંદર્ય અને સુકુમારતા ઉત્પન્ન કરવાના સર્વ માધ્યમો, અને એ સૌથી વિશેષ વસ્તુ સાથે એકરૂપતાની અનુભૂતિ સાધીને એક પરિપૂર્ણ કલાનો નમૂનો રજૂ કરવો, એ બધું સૌંદર્યબોધમાં સામેલ છે. x ૧૮

વિશ્વમાં પ્રત્યેક વસ્તુને પ્રગટ થવા માટે કોઇને કોઇ આકાર ધારણ કરવો પડે છે. કવિ બાહ્ય અવલોકનથી - અનુભવોથી પ્રભાવિત થાય છે. બાહ્ય અવલોકનને તે પોતાની ઊર્મિ દ્વારા કાવ્યમાં વ્યક્ત કરતાં પૂર્વે વૈયક્તિક લાગણીમાં એક પ્રકારનું સંયોજન - સંતુલન સ્થાપિત કરે છે. વિષયને વ્યક્ત કરવાના અનુપાતમાં સંબંધ અને સંતુલન, કાવ્ય અને સંયોજનનું જ્ઞાન કાર્યાન્વિત ન હોય તો કાવ્યમાં સૌંદર્યલક્ષિતા મરી પરવારે છે. વસ્તુની જેમ આકારને પણ તત્કાલીન સામાજિક, રાજકીય, આર્થિક,

સાંસ્કૃતિક, ભૌગોલિક વગેરે પરિબળો સાથે ગાઢ અનુબંધ હોય છે. કવિ આ સર્વની ઉપેક્ષા કરી શકતો નથી.

ગઝલનો એક વિશિષ્ટ આકાર છે. એમાં સૌંદર્યલક્ષી પ્રભાવ ઉત્પન્ન કરવાની ક્ષમતા છે. આ સૌંદર્યલક્ષી પ્રભાવ તેના વ્યક્તિગત રૂપમાં ગઝલના પ્રત્યેક શેરમાં ઉપસ્થિત હોય છે. ગઝલનો આકાર સૌંદર્યબોધનો વાહક છે. ગઝલ સર્જકોને એ વિશે અપ્રતિમ શ્રદ્ધા છે, એટલે જ તેમણે આવી ગઝલો પણ રચી છે. જે ગઝલોમાં સૌંદર્યબોધ નથી તેમાં ગઝલના આકારનો દોષ નથી કિન્તુ ગઝલકારનો દોષ છે. સૌંદર્યલક્ષી પાસાને અકબંધ રાખવા માટે ગઝલના વિષય અને વસ્તુ, આકાર અને સૌંદર્યલક્ષી અપેક્ષાઓથી સંપૂર્ણતયા એકરૂપ હોવા જોઇએ. ગઝલ સર્જક માટે આવી સમજ અતિ આવશ્યક ગણાય. ગઝલકાર આ બોધથી અનભિજ્ઞ હોય ત્યાં ગઝલનો આકાર જોખમાય છે, એમાં કોઇ શંકા નથી.

ઉપર્યુક્ત પશ્ચિમ, પૂર્વ અને અરબી-ફારસી-ઉર્દૂની વિચાર પરંપરાનો અવલોકન પછી આપણે કહી શકીએ કે -

૧) કલાચિંતન માટે સૌંદર્ય પ્રતિ ભારતીય દૃષ્ટિકોણ જ સર્વોત્તમ પ્રતીત થાય છે. કારણ કે તેમાં આધ્યાત્મિક વૃત્તિ, આંતર સૌંદર્ય અને પ્રકૃતિ પ્રેમને અતિ મહત્ત્વ અપાયું છે.

૨) સૌંદર્ય - સર્જન અને સૌંદર્ય - ભાવનમાં સર્જક અને ભાવકની રુચિનું મહત્ત્વ સાપેક્ષ છે, કારણ કે સર્જકની રુચિ તેના આસંગ, પરિવેશ અને અભ્યાસ પર નિર્ભર રહે છે.

૩) કેટલાક વિચારકો સૌંદર્યને વસ્તુનિષ્ઠ-માને છે, જ્યારે કેટલાક આત્મનિષ્ઠ માને છે. પરંતુ એ વાતનો સ્પષ્ટપણે સ્વીકાર થવો જોઇએ કે સૌંદર્યબોધનો સંબંધ અંશત: ઇન્દ્રિય પ્રત્યક્ષ સાથે અવશ્ય છે, સાથે સાથે સૌંદર્ય ગ્રહણમાં

અંતઃકરણનો યોગ અપેક્ષિત છે.

૪) સૌંદર્ય-ચેતનાનો આપણા ભાવાત્મક સંવેગો સાથે ખૂબજ ઋજુ સંબંધ છે.

૫) સૌંદર્ય કાવ્ય તેમજ અન્ય લલિતકલાઓનો અપરિહાર્ય તેમજ મુખ્ય તત્ત્વ છે.

૬) પ્રત્યેક દેશની સૌંદર્યશાસ્ત્રીય અવધારણા એ જે તે સાંસ્કૃતિ-વિશેષની નીપજ હોય છે. તેથી અન્ય દેશની સૌંદર્યશાસ્ત્રીય અવધારણા સાથે તુલનાત્મક અભ્યાસ કરતી વેળા તેને પરિવેષ્ઠિત કરનાર ચિંતન-પ્રણાલી, મૂલ્ય-વ્યવસ્થા અને સાંસ્કૃતિક-સંદર્ભને લક્ષ્યમાં રાખવા જોઇએ.

૭) Aesthetics અને Ethics બંને કલાકૃતિને અભિલાઇ બક્ષે છે.

પાદટીપ:

1) Encyclopaedia Britannica, eleventh edition, 1910, P.216

2) William Knight : Preface, The Philosophy of beautiful: John Murry, London, 1981, P. 6-7.

3) S.K.De : Some Problems of Sanskrit Poetics, Firma K.L. Mukhopadhyay, Culcutta, 1959, P.2

4) Ibid, P.51

5) S. Alexander : Beauty and other forms of value, London, 1933, P. 179-80.

6) Hegel : The Philosophy of Fine Art, Volume-I translated by Osmaston, London, 1920. P.123.

7) Croce : Aesthetics : Translated by Anslie Douglas, Vision Press, London, 1953, P.13.

8) Dr. Pushpendra Kumar : Ed., Introduction, 'Aestketics and Sanskrit Literature,' First edition, 1980, P.17-18. Nag Publisher, Delhi.

9) Nolly : introduction : The Aesthetic Experience according to Abhinav gupt, P.13.

10) Anand Kumar Swami : Transformation of Nature in Arts, Dover Books, New Yourk, 1956, P.5.

11) ત્રિવેદી વિષ્ણુપ્રસાદ : પરિશીલન, ગાંડીવ સાહિત્ય મંદિર, સુરત પ્ર.આ. ૧૯૪૯, પૃ.૧૮

12) સાંતાયના જી. : સેન્સ ઓફ બ્યુટી, ન્યૂયોર્ક, ડોવર પબ્લિકેશન્સ,
પુનઃ મુદ્રણ ૧૯૫૫ઈ પૃ.૩૬

13) Farik K.A. : A History of Arabic Literature, 1978, P.6-7.

૧૪) સિદ્દીકી ઝહીર અહેમદ : અદબમેં જમાલિયાતી ઈકદાર મકતબા-એ-અલ્ફાઝ,
મુસ્લિમ યુનિવર્સિટી માર્કેટ, અલીગઢ, પ્રથમ આવૃત્તિ ૧૯૭૯, પૃ.૧૪૭

૧૫) ડો. મસઉદ હુસૈન : ઉર્દૂ ઝબાન ઔર અદબ, ૧૯૮૩, પૃ. ૪૯.

૧૬) મહમ્મદ હુસૈન : મિર્ઝા રૂસ્વાકે તનકીદી મુરાસલાત, ભૂમિકા, પૃ.૧૮.

૧૭) સંપા. ઈફતેખાર ઈમામ : 'શાયર' પત્રિકા, વાર્ષિક અંક, ૧૯૭૨, પૃ.૩૪.

૧૮) સૈયદ અહેતેશામ હુસૈન : 'તન્કીદી જાઈઝે'
ઈલાહાબાદ પબ્લિશિંગ હાઉસ, ઈલાહાબાદ, બીજી આવૃત્તિ ૧૯૫૧, પૃ. ૨૧૯.